બોર્ડ બેઠક નં. ૧૯૦ તા. ૩૧/૧/૨૦૦૪

કામ નંબર : ૬ (૧)

મોજે વરિયાવ તા.ચોર્યાસી વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનીયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૬ (વરિયાવ) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનીયમ ૧૯૭૬ની કલમ ૪૧ હેઠળ સદરહુ યોજનાનો ઈરાદો પ્રસિધ્ધ કરવા બાબત.

ઠરાવ નં. : ૨૩૦૭(૧)

એજન્ડા નોંધમા નિર્દિષ્ટ વિગતોએ મોજે વરિયાવ વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૬ (વરિયાવ) સુડા : સુરતની હદ દર્શાવતા મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજુર થઈ આવેલ હદ નકશા તથા સર્વે થયેલ ઓ.પી. પ્લાન વિગેરે બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ અને તે અંગેની વિકાસ યોજનાની વિગતવાર માહિતી અને સમજ બોર્ડના સભ્યોશ્રીને આપવામાં આવી, સદરહું બાબતે સઘળી વિગતોની ચર્ચા કરવામાં આવી અને સર્વાનુમતે ઠરાવ્યું કે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૨૨ ની પેટા કલમ(૧) અન્વયે સરકારશ્રી દ્વારા રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત દ્વારા ગુજરાત રાજયના મુખ્ય નગર નિયોજકશ્રીના પ્રતિનિધિ સાથે વિચાર-વિનિમય કર્યા પછી ઠરાવે છે કે સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે તે નકશામાં, બોર્ડ બેઠકમાં રજુ કરેલ પીન્ક (ગુલાબી) રંગથી દર્શાવેલ સુડાના શહેરી વિકાસ વિસ્તાર પૈકીના મોજે વરિયાવ તા.ચોર્યાસી વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૬ (વરિયાવ) સુડા, સુરત. બનાવવાનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કરે છે અને ઉપરોકત જાહેર કરેલ ઈરાદાને કાયદાકીય પ્રસિધ્ધિ આપવા યોગ્ય તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાન પત્રમાં તથા સરકારશ્રીના રાજય પત્રમાં પ્રસિધ્ધ કરવા તથા પ્રસ્તુત નગર રચના યોજનામાં, સરકારશ્રીના તા. ૧૧/૧૦/૯૯ ના પરિપત્રની વિગતોએ અત્રેના સત્તામંડળ દ્વારા તા.૧૨/૩/૨૦૦૧ ના રોજ ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ કપાતનું ધોરણ રાખવાનું તથા સદર મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાના સમય દરમ્યાન પણ સબંધક જમીન માલિક/કબજેદાર દ્વારા કપાતની સંમતિ રજુ કર્યેથી જાહેર વિકાસનો હેતુ ધ્યાને લઈને જે તે જમીનમાં વિકાસ પરવાનગી આપવાનું અને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવાની જરૂરી આગળની નિયમોનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુડાને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવ્યું.

સર્વાનુ મતે મંજુર